


ડીસા મામલતદાર સ્થિત જનસેવા કેન્દ્રમાં કેટલાક સમયથી ફ્રિજ બંધ હાલતમાં છે. જેને લઈ અધિકારીઓ અને મુલાકાતીઓ ગરમીમાં પીવાના પાણીથી પરેશાન થઈ ગયા છે. ત્યારે ફ્રિજનું રીપેરીંગ કામ કરવામાં આવે તેવું ખેડૂતભાઈઓ અને મુલાકાતીઓ માંગ કરી રહ્યા છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડિસા)

# ખેડબ્રહ્મામાં સંકલનની બેઠકમાં ગેરહાજર રહેનાર અધિકારીઓને કારણદર્શક નોટીસ

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા તાલુકામાં દર માસે મળતી ફરીયાદ નિવારણ અને સંકલનની બેઠકમાં સરકારના વિવિધ ખાતાના ૧૧ અધિકારીઓ ગેરહાજર રહેતા ખેડબ્રહ્મા નાયબ કલેક્ટર દ્વારા ગેરહાજર અધિકારીઓના ખાતાના વડાને શિક્ષાત્મક કાર્યવાહી કરવા કારણદર્શક નોટીસ બજાવતા કર્મચારીઓમાં કકડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા તાલુકામાં મામલતદાર એચ.એન. મોદી દ્વારા દર માસના પહેલા શનિવાર તાલુકાના તમામ ખાતાઓ તથા સંલગ્ન અધિકારીઓની ફરીયાદ નિવારણ અને સંકલનની બેઠક બોલાવવામાં આવે છે અને બેઠકમાં લોકોના પ્રશ્નોનું નિવારણ કરવા અધિકારીઓ પાસેથી માહિતી એકત્ર કરી ઘટતી કાર્યવાહી કરવામાં આવે છે. ગત શનિવારના રોજ આ બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં તાલુકાના જવાબદાર અગીયાર અધિકારીઓ ગેર હાજર રહેતાં બેઠકનો ફીયાસ્કો થયો હતો જેથી નાયબ કલેક્ટરે તેની ગંભીર નોંધ લઈ ગેરહાજર રહેનાર ૧૧ અધિકારીઓના ખાતાના વડાને શિક્ષાત્મક કાર્યવાહી કરવા કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. જેથી અધિકારીઓમાં કકડાટ ફેલાઈ જવા પામ્યો છે.

### કારણદર્શક નોટીસ કોને આપવામાં આવી

- ઉત્તર ગુજરાત વીજ કંપની - ખેડબ્રહ્મા
- નાયબ કાર્યપાલક ઈજનેર - પંચાયત ખેડબ્રહ્મા
- બાલ વિકાસ અધિકારી (સીડીપીઓ)
- પરીક્ષેત્ર વન અધિકારી નોર્મલ
- મેનેજર સરકારી ગોડાઉન
- પશુચિકિત્સક ખેડબ્રહ્મા
- આશ્રમશાળા અધિકારી
- પી.એસ.આઈ. ખેરોજ
- પી.એસ.આઈ. પોશીના
- મેનેજર એસ.ટી. ડેપો ખેડબ્રહ્મા
- પરીક્ષેત્ર વન અધિકારી વિસ્તરણ

# ભીલોડામાંથી મળેલું બાળક નારીગૃહમાં સોંપ્યુ

હિંમતનગર, તા. ૯

અરવલ્લી જિલ્લાના ભીલોડામાંથી શનિવારે મોડી સાંજે જીપમાંથી મળેલું આશરે ત્રણ માસનું ત્યજી દીધેલ બાળક સોમવારે હિંમતનગરના નારીગૃહમાં સોંપ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે અરવલ્લી જિલ્લાના ભીલોડા સિવિલ હોસ્પિટલ નજીક શનિવારે સાંજે મુસાફરો ભરવા ભીલોડાથી વીરપુર જવા માટે ઉભેલી જીપમાં એક મહિલા આવી હતી અને અન્ય ત્રણ બેઠેલ મુસાફરોને કહેલ કે હુ ચવાણુ લઈને આવું છું તેમ કહીં બાળકને મુકીને ગયેલ જે કલાકનો સમય થયો તો પણ મહિલા પરત આવી ન હતી જેને લઈને ત્રણે મુસાફરોએ જીપચાલક સંજય ખરાડીને કહેલ દરમિયાન બાજુમાં ઉભા રહેલ ભીલોડા પરખ સંસ્થામાં નોકરી કરતા બીનાબેન શ્રીમાળીને ખબર પડતા તેમણે તુરંત સંસ્થાના સંચાલક શ્રદ્ધાબેન જોશીને જાણ કરી હતી જેથી સ્થળ પર આવી તમામે બાળકની માતાની શોધખોળ કરી હતી. કોઈ પત્તો લાગ્યો ન હતો જેથી આ બાળકને ભીલોડા પોલીસમથકે લઈ ગયેલ જ્યાં બાળકને રાખવાની સગવડ ન હોવાને લઈને સોમવારે હિંમતનગર પરખ સંસ્થાના પ્રમુખ સુરેશભાઈ પટેલે હિંમતનગર નારી સરંક્ષણમાં આ અંદાજે ત્રણ માસનું બાળક સોપ્યું હતું.

આ અંગે નારી ગૃહના ચેરમેન નીલાબેન પટેલે જણાવેલ કે આ ત્રણ માસના બાળકને અમારા ગૃહમાં એક ધાત્રી માતા તેને ફીડીંગ કરાવે છે અને તેને સાચવે છે અને બાળક હાલ તંદુરસ્ત છે જેનું મેડીકલ ચેકઅપ કરાવ્યા બાદ થોડાક દિવસોમાં પાલનપુર કે અમદાવાદ શિશુ કેન્દ્રમાં મોકલી આપવામાં આવશે. હાલ આ અંગે ભીલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ છે અને પોલીસ બાળકના માતાની શોધખોળ કરી રહી છે.

# તલોદની આર.કે. પટેલ બી.એડ. કોલેજનું ગૌરવ

તલોદ, તા.૯

ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા લેવામાં આવેલી બી.એડ. પરીક્ષાનું પરિણામ જાહેર થતા તલોદ સ્થિત કરમીપુરા ખાતે આવેલ આર.કે. પટેલ બી.એડ. કોલેજનું ૧૦ ટકા પરિણામ આવ્યું છે. તમામ વિદ્યાર્થીઓ પાસ થતા કોલેજ સંકુલમાં આનંદ છવાયો હતો.

તલોદ સ્થિત કરમીપુરા ખાતે આવેલ આર.કે. પટેલ બી.એડ. કોલેજનું ચાલુ વર્ષનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જેમાં તાલીમાર્થી કિર્તનસિંહ સોલંકી ૮૯.૪૪ ટકા સાથે પ્રથમ, પલકબેન પટેલ અને જૈમિનીબેન પટેલ ૮૮.૮૯ ટકા સાથે બીજા તેમજ જલ્પાબેન પટેલ ૮૮.૫૬ ટકા સાથે ત્રીજા સ્થાને આવ્યા હતા અને કોલેજ તેમજ ગામનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક સિધ્ધી બદલ સંચાલક નિરવકુમાર બી.પટેલ આચાર્ય ડૉ. ઉષાબક્ષી તથા ડૉ. કિરણ કૌર, પ્રો. ડૉ. પ્રજ્ઞેશ કુમાર પંડયા અને અન્ય અધ્યાપકગણે તેજસ્વી તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના હોદ્દેદારો નિમાયા

પ્રાંતિજ, તા. ૯

વિસનગર તાલુકાના કડા મુકામે શ્રી સિદ્ધેશ્વરી માતા મંદિરે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજની સામાન્ય બેઠક યોજાઈ હતો.

આ બેઠકના પ્રારંભે પ્રાર્થના શોકસભા બાદ ગત વર્ષના એજન્ડાઓનું વાંચન મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. બાદમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કનુભાઈ રાવલ, ઉપપ્રમુખ તરીકે હસમુખભાઈ રાવલ, રમણલાલ રાવલ, બકાભાઈ રાવલ, વિનુભાઈ રાવલ, મહામંત્રી તરીકે મહેશભાઈ રાવલ, સહમંત્રી તરીકે સંજયકુમાર રાવલ અને કાન્તીભાઈ રાવલ જયારે ખજાનચી તરીકે ગજેન્દ્રભાઈ રાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો જોડાયા હતા. બેઠકનું સફળ આયોજન મહેશભાઈ રાવલે કર્યું હતું.

# ભિલોડા હાથમતી નદીના પુલ પર પથ્થર ભરેલા કન્ટેનરના ચાર ટાયર ફાટી જતાં ટ્રાફીક ચક્કાજામ


## વાહન ચાલકો, રાહદારીઓ હેરાન-પરેશાન વાહનચાલકોને હાથમતી નદીના પટમાં ડાયવર્ઝન અપાતા અમુક ભારે વાહનો હાથમતી નદીમાં ફસાયા હતા





ભિલોડા, તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ હાથમતી નદીના પુલ ઉપર ઓવર લોડ પથ્થર ભરેલા ૨૨ વ્હીલના ઍજન્સી, નાથદ્વારા, રાજસ્થાનનું કન્ટેનરમાં ઓવરલોડ પથ્થર ભરી ભિલોડાનગરના હાર્દસમા વિસ્તારમાંથી પસાર થઈ રહેલ કન્ટેનર હાથમતી નદીના પુલ ઉપરથી પુરપાટ વાહન ચાલકો, રાહદારીઓ,પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુંકાયા હતા.વાહન ચાલકોને હાથમતી નદીમાં ડાયવર્ઝન અપાતા અમુક વાહન ચાલકો હાથમતી નદીના પટમાં ફસાયા હતા. ઉપર આવેલ હાથમતી નદી અને બુઢેલી નદીના વર્ષો જુના પુલ જર્જરીત હાલતમાં હોવાનું લોકમુખે ચર્ચાય છે. સત્વરે જર્જરીત પુલનું સમારકામ નહી કરવામાં આવે તો ઓવરલોડ રેતી-





કન્ટેનરના ચાર ટાયર અસહ્ય કાળઝાળ ગરમીના કારણે ફાટી જતાં ટ્રાફીકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. ટ્રાફીક ચક્કાજામ થઈ જતાં વાહન ચાલકો, રાહદારીઓ હેરાન-પરેશાન બન્યા હતા. વાહન ચાલકોને હાથમતી નદીના પટમાં ડાયવર્ઝન અપાતા અમુક ભારે,નાના-મોટા વાહનો હાથમતી નદીના પટમાં ફસાયા હતા. શ્રીનાથ ટ્રાન્સપોર્ટ ઝડપે ઓવર લોડ ડુંગરનો મોટો પથ્થર ભરી ૨૨ વ્હીલ કન્ટેનર નંબર. આર.જે.૨૭.જી.બી.૫૧૭૧ ના ચાર ટાયરો એકા-એક ફાટી જતાં કન્ટેનર ચાલક ઘટના સ્થળેથી ગણતરીની મીનીટોમાં પલાયન થઈ ગયો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ચમત્કારીક રીતે બચાવ થયેલ છે. ૨૨ વ્હીલના કન્ટેનરની હાથમતી નદીના પુલ ઉપર ચેચીસ તુટી ગઈ હતી.

ગત સાંજે ૪:૦૦ વાગ્યાના અરસામાં ઓવર લોડ પથ્થર ભરેલા ૨૨ વ્હીલના કન્ટેનરના ચાર ટાયરો અસહ્ય કાળઝાળ ગરમીના કારણે ફાટી જતાં નિર્દોષ પ્રજાજનો, વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુંકાયા હતા. ૨૪ કલાક સુધી કન્ટેનર હટાવવામાં ના આવતા વાહન ચાલકોમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો હતો.

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ કપચી, પથ્થર, લોખંડ ભરેલા ટ્રકો, કન્ટેનરો નદીમાં ખાબકશે અને મોટી દુર્ઘટના બનશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ભિલોડાનગરના બુદ્ધીજીવી અગ્રણીઓએ જણાવ્યું હતું કે હાથમતી નદીમાં કોઝ-વે બનાવવામાં આવે તો પ્રજાજનો, ખેડુતો, પશુપાલકો, વાહચાલકાને લાભદાયી નીવડશે તેમ લોકમુખે ચર્ચાય છે.

# હિંમતનગર ખાતે ઈન્ડો-ઈઝરાયેલ વર્ક પ્લાન અંગે સેમિનાર યોજાયો


હિંમતનગર, તા. ૯

સાબરકાંઠાના હિંમતનગર ખાતે સેન્ટર ઓફ એક્સેલેન્સના ઉપક્રમે ઈન્ડો-ઈઝરાયેલ વર્ક પ્લાન અંગેનો સેમિનાર જિલ્લા વિકાસ અધિકારીના નાગરાજનના અધ્યક્ષસ્થાને સોમવારે યોજાયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને જણાવ્યું હતું કે, ભારત અને ઈઝરાયેલ વચ્ચે ખેતી અને વિદેશ વ્યાપારને લગતા ઘણા જુના સંબંધો છે. ગુજરાત અને ઈઝરાયેલની ખેતી વચ્ચે ઘણી સામ્યતા ધરાવે છે. ઈઝરાયેલ જેવા રણ વિસ્તારમાં ગ્રીન-નેટ હાઉસની ખેતીની શરૂઆત થઈ હતી. જેની પ્રેરણા લઈ ગુજરાતમાં વર્ષ ૨૦૦૩ થી શરૂઆત કરવામાં આવી હતી. જેમાં કચ્છના રણ વિસ્તારમાં સૌ પ્રથમ શાકભાજીની ખેતી કરવામાં આવી હતી જે ઉત્પાદિત થયેલા શાકભાજી સૈનિકોને આપવામાં આવી હતી. જ્યાં આજે ફળ, શાકભાજી અને વિવિધ જાતના ફૂલોની ખેતી કરવામાં આવી રહી છે. વધુમાં નાગરાજને જણાવ્યું હતું કે બનાસકાંઠાના રણ વિસ્તાર પણ આજે હરીયાળો બન્યો છે. જ્યાં ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ બે હજાર ખેડૂતોને ડ્રિપ ઈરીગેશનથી ખેતી કરવા તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા. તેમણે ઈન્ડો-ઈઝરાયેલ પ્રોજેક્ટ અંગે વધુ વાત કરતા જણાવ્યું હતું કે, દેશના અન્ય રાજ્યમાંથી આવેલ પ્રગતિશીલ ખેડૂતોના વિચારો જાણવા જોઈએ અને નવિન તકનીક અપનાવવા ભલામણ કરી હતી. આ સેમિનારમાં ઈઝરાયેલથી વિશેષ ઉપસ્થિત મિસ. શૈલી ગ્રાન્ટેઝ અને ડાન અલુફ ઉપસ્થિત રહીને કલ્ટીવેશન એન્ડ પ્રિસિઝન ફોમિંગ અંગે વાત કરતા જણાવ્યુ હતું કે, ઇન્ડો-ઈઝરાયેલ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં સૌ પ્રથમ સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે શરૂ થનાર છે જેમાં શાકભાજીના ધરૂ ઉછેર તેમજ વેજીટેબલ ગ્રાફ્ટીંગ માટે અદ્યતન પ્લગ નર્સરી, ફેન-પેડ ગ્રીન હાઉસ, પોલીહાઉસ, અલગ-અલગ રંગના શેડનેટ હાઉસ, ઇનસેક્ટ નેટ હાઉસ, થર્મલ નેટહાઉસ, વોક ઇન ટનલ તથા લો ટનલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના કચ્છના કુકમાં તથા જુનાગઢના તાલાલા ખાતે ઈન્ડો-ઈઝરાયેલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ સેમિનારમાં હરીયાણા, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, તમિલનાડુ, પંજાબ અને કર્ણાટક રાજ્યોમાંથી સેન્ટર ઓફ એક્સલેનસ વેજીટેબલ અંગેની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અધિકારીઓ હાજર રહ્યા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)







(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નજીક આવેલ માણીભદ્ર મહારાજની પાવનભૂમિ મગરવાડાના વતની પ્રો. કિશોરસિંહ સોલંકી માટે કાનુભાઈ મહેતા સાંસ્કૃતિક ભવન પાલનપુર ખાતે ‘શબ્દાભિષેક’ સમારોહ યોજાયો હતો. આ શબ્દાભિષેક કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગાદીપતિ પૂ. વિજય સોમજી મહારાજે ઉપસ્થિત રહી પ્રો. સાહિત્યકાર કિશોરસિંહને આશીર્વાદ આપ્યા હતા. ઉપરાંત આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, વડગામના ધારાસભ્ય મણીલાલ વાઘેલા સહિત મોટી સંખ્યામાં સાહિત્ય રસિકો જોડાયા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા સમિતિઓના ચેરમેન નિમાયા

પ્રાંતિજ, તા.૯

પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીરીશ પટેલના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં નગરપાલિકાની સામાન્ય સભા મળી હતી જેમાં નગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

પ્રાંતિજ નગરપાલિકાની નવી વરાયેલી વિવિધ સમિતિઓમાં કારોબારી સમિતિના ચેરમેન પદે અરવિંદભાઈ પટેલ, ટાઉન પ્લાનીંગ સમિતિના ચેરમેન પદે પંકજ મોદી, જાહેર બાંધકામ સમિતિના ચેરમેન પદે નિરવકુમાર પરીખ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પદે અરવિંદ કુમાર પરમાર, દિવાબત્તી સમિતિના ચેરમેન પદે જગદીશભાઈ કિમતાણી, આરોગ્ય સમિતિના ચેરમેન પદે મહેબુબખા બલોચ, પાણી પુરવઠા સમિતિના ચેરમેન પદે હર્ષિદાબેન પારેખ, જાહેર શૌચાલય સમિતિના ચેરમેન પદે અરખીબેન રાઠોડ, એસ્ટાબ્લીશમેન્ટ સમિતિના ચેરમેન પદે ગીરીશકુમાર પટેલ, બાગ બગીચા સમિતિના ચેરમેન પદે જશોદાબેન રાઠોડ, તળાવ બ્યુટીફીકેશન સમિતિના ચેરમેનપદે હંસાબેન ભોઈ, ઉત્પાદન સમિતિના ચેરમેન પદે દલપતસિંહ રાઠોડ, સુવર્ણ જયંતિ અને શહેરી રોજગાર સમિતિના ચેરમેન જમનાબેન વણઝારા, ગુમાસ્તા ધારા સમિતના ચેરમેન પદે નયનભાઈ દેસાઈ, શિક્ષણ સમિતિના ચેરમેનપદે દિલીપભાઈ રાવલ, વસુલાત સમિતિના ચેરમેન પદે મુકેશકુમાર સથવારાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.બેઠકમાં જિલ્લાના સંગઠનમાંથી ગજેન્દ્રસિંહ વિપ લઈને ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન